# Ayambil Oli Day 2 - Siddha Pad Vidhi

## બીજો દિવસ - સિદ્ધ પદ

### જાપ : ઓમ રીમ નમો સિધ્ધાણંની વીસ માળા

| |
|---|
| રંગ: લાલ |
| અનાજ: ઘઉં |
| કાઉસગ્ગ: 8 લોગસ્સ |
| ખમાસણા: 8 |
| પ્રદક્ષિણા: 8 |
| સ્વસ્તિક: 8 |




## ખમાસમણાનો દુહો

રૂપાતીત સ્વભાવ જે, કેવલ દંસણ-નાણી રે;
તે ધ્યાતા નિજ આતમા, હોવે સિદ્ધ ગુણખાણી રે.
વીર જિનેશ્વર ઉપદિશે, તુમે સાંભળજો ચિત્ત લાઇ રે;
આતમધ્યાને આતમા, ઋદ્ધિ મળે સવિ આઇ રે.

## શ્રી સિદ્ધપદના આઠ ગુણ

1. અનન્તજ્ઞાનસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
2. અનન્તદર્શનસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
3. અવ્યાબાધગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
4. અનન્તચારિત્રગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
5. અક્ષયસ્થિતિગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
6. અરૂપિનિરંજનગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
7. અગુરુલઘુગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ
8. અનન્તવીર્યગુણસંયુતાય શ્રી સિદ્ધાય નમઃ

## શ્રી સિદ્ધપદનું ચૈત્યવંદન

શ્રીશૈલેશી પૂર્વ પ્રાંત, તનુ હીન ત્રિભાગી;
પુવ્વપઓગ પસંગસે, ઉરધ ગત જાગી. 1
સમય એકમેં લોકપ્રાંત, ગયે નિર્ગુણ નીરાગી;
ચેતન ભૂપે આત્મરૂપ, સુદિશા લહી સાગી. 2

કેવલ દંસણ-નાણથી એ, રૂપાતીત સ્વભાવ;
સિદ્ધભયે જસુ હીરધર્મ, વંદે ધરી શુભ ભાવ. 3

## શ્રી સિદ્ધપદનું સ્તવન

સકલ કરમનો ક્ષય કરી, સિદ્ધ અવસ્થા પાઇ રે;
ગુણ ઇગતીસ વિરાજતા, ઓપમ જસ નહીં કાંઇ રે.
મન શુદ્ધ સિદ્ધપદ વંદીએ - એ આંકણી. 1
જનમ મરણ દુખ નિર્ગમ્યાં, શુદ્ધાતમ ચિદ્રૂપી રે;
અનંત ચતુષ્ટય ધારતા, અવ્યાબાધ અરૂપી રે. મન. 2
જાસ ધ્યાન જોગીસરૂ, કરે અજપા જાપે રે;
ભવ ભવ સંચ્યાં જીવડે, કઠિણ કરમ તે કાપે રે. મન. 3
ધ્યાન ધરંતાં સિદ્ધનું, પૂજતાં મનરાગે રે;
અવિચલ પદવી પાઇએ કહ્યું જિનવર વડ ભાગે રે. મન. 4

## શ્રી સિદ્ધપદનું સ્તુતિ

અષ્ટ કરમકું ધમન કરીને, ગમન ક્રિયો શિવવાસીજી,
અવ્યાબાધ સાદિ અનાદિ, ચિદાનંદ ચિદ્રાશિજી
પરમાતમપદ પૂરણ વિલાસી, અઘઘન દાઘ વિનાશીજી,
અનંત ચતુષ્ટય શિવપદ ધ્યાવો, કેવલજ્ઞાની ભાષીજી.

*****************************************************************